જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી ૧૭૮ લીટર દેશી દારૂ, ૧૦ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૦૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણ/પુરાવાના નાશ બાબતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૯૪/૧૬**

**નિકોલઃ** કાળાજી બાદરજી ઠાકોર (રહે.આલમપુરા સોજીયાવાસ તાલુકો.જીલ્લો ગાંધીનગર) એ તા.૧૧/૨/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી સુખીબહેને તેના પતિ અર્જુનજી દશરથજી ઠાકોર (રહે.ગામ ભુલાવડી તાલુકો દશક્રોઈ જીલ્લો અમદાવાદ) અને સાસુ સસરા તેમજ જેઠ શારીરીક તેમજ માનશીક ત્રાસ આપતા હતા અને સુખીબહેનને સંતાનમાં બાળક ન હોવાથી આપમાનીત કરતા હોઈ સુખીબહેને તા.૫/૨/૧૬ નારોજ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. તેમજ પોલીસ ને જાણ નહી કરી લાશના અંતિમ સંસ્કાર કરી પુરાવાનો નાશ કરી દીધો હતો. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૯૫/૧૬**

**વાડજઃ** ધર્મેન્દ્રસિહ કલ્યાણસિહ વાઘેલા (રહે.નીલકંઠ બંગલોઝ રામદેવનગર સેટેલાઈટ) એ તા.૧૧/૨/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૯/૧૫ પહેલાનાવ સમયગાળા દરમ્યાન ઉસ્માનપુરા અજન્ટા કોમર્શિયલ સેન્ટર એનીટાઈમ હોલીડે ઓફીસ નંબર-૧૪ ખાતે ધર્મેન્દ્રસિહ વાઘેલાએ અમેરીકા જવા માટે આરોપી ઋષી બુધ્ધદેવને રૂપિયા બે ટીકીટના રૂપિયા ૩,૬૦,૦૦૦/- આપી બે ટીકટ બુક કરાવડાવી હતી. પરંતુ ઓનલાઈન જોતા માલુમ પડ્યુ હતુ કે ટીકીટ બુક થયેલ ન હતી. જેથી આરોપી ઋષી બુધ્ધદેવએ, ધર્મેન્દ્રસિહ વાઘેલા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૯૬/૧૬**

**સાબરમતીઃ** ભાવેશભાઈ રણછોડભાઈ પટેલ (રહે.આર્યમાન ફ્લેટ શુકનસીટી સામે આનંદ પાર્ટી પ્લોટ ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૬ કલાક ૩/૫૦ થી તા.૪/30 વાગ્યા દરમ્યાન સાબરમતી આનંદ પાર્ટી પ્લોટ સીતારામ એવંન્યુ દુકાન નંબર-૨ પાલખી ફેશન નામની દુકાનના નકુચા તોડી અજાણ્યા બે પુરૂષ દુકાનમાંથી લેપટોપ કિમત રૂપિયા ૧૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.

**સરદારનગરઃ** જેતલબહેન રૂપેશભાઈ મોદી (રહે.શિવમ એપાર્ટમેન્ટ સૈજપુર કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૬ બપોરના ૨/૪૫ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.

**ઈસનપુરઃ** જયેશભાઈ રાધેશ્યામ અગ્રવાલ (રહે.બાલકેશ્વર સોસાયટી મદ્રાસી મંદિરની બાજુમાં ખોખરા) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૨/૧૬ રાતના ૮/૦૦ થી તા.૧૧/૨/૧૬ કલાક ૧૦/30 વાગ્યા દરમ્યાન બાલાગાજ કંપની જલપરી કોમ્પલેક્ષ ખાતે દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાંથી જીન્સ પેન્ટ નંગ-૯૮૧ કિમત રૂપિયા ૧,૪૭,૧૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણસિહ અભેસિહ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** શ્વેતાબહેન પ્રિયાંકભાઇ શાહ (રહે. ગોપાલ પ્લાઝા કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૨ બોમ્બે એક્સપ્લોઝીવ વુમન વેરની અંદર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૨/૧૬ રાતના ૯/૦૦ થી તા.૧૧/૨/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની દુકાનનું શટર તોડી શટર ઉચુ કરી દરવાજાનું તાળુ તોડી દુકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ દુકાનમાંથી લેડીઝ કપડા નંગ- ૧૪૫૦/- કિમત રૂપિયા ૧,૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ એલ જોષી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૭/૧૬**

**સરદારનગરઃ** પુજાબહેન ઈશ્વરલાલ પંજવાણી (ઉ.વ.૩૭) (રહે.ઓમ શાંતી ઓમ રેસીડન્સી રવિ દર્શન સોસાયટી પાસે માયા સિનેમા રોડ કુબેરનગર) તા.૯/૨/૧૬ કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે રવિ દર્શન સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પુજાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુજાબહેન પંજવાણીએ તા.૧૧/૨/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી વી આર પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯૮/૧૬**

**દરીયાપુરઃ** અમિત પ્રેમનારાયણ પાંડુવંશી (ઉ.વ.૩૧) (રહે.વાડીગામ હાથીશાહની પોળ દરીયાપુર) એ બેકારીથી કંટાળી તા.૧૦/૨/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી વી એસ સિંઘવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)